# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૪ તા. ૦૬.૦૪.૨૦૧૯

-----------

**"સુરજ નિકલેગા અંધેરા છટેગા ઔર કમલ ખિલેગા". સ્વ. શ્રી વાજપેયીજીની વાત સાચી પડી અને આજે દેશભરમાં સોળે કળાએ આ કમળ ખીલી રહ્યું છે. - શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**શ્રી નરેન્દ્રભાઇ મોદી જેવા નેતા આપણી પાસે છે, જેનું નેતૃત્વ સ્વિકારવા આખું વિશ્વ તૈયાર છે - શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**શ્રી નરેન્દ્રભાઇ મોદી કહે છે કે, "તેરા વૈભવ અમર રહે માં, હમ દિન ચાર રહે ના રહે." દેશ માટે જીવવું છે, અને દેશ માટે જ મરવું છે. મારા માટે દેશહિત સર્વોપરી છે - શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**આ વખતની ચૂંટણી ઐતિહાસિક છે. આપણે નિર્ણય કરવાનો છે કે, દેશને કઇ દિશામાં લઇ જવાનો છે. એક તરફ દેશદાઝવાળા લોકો છે, તો બીજી તરફ દેશની સુરક્ષા અને સલામતીને ગીરવે મૂકનારા લોકો છે - શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**કોંગ્રેસ કહે છે કે, જો અમે સત્તામાં આવીશું તો કાશ્મીરમાંથી ૩૭૦ની કલમ કાઢીશું નહીં. ત્રાસવાદીઓ સામે રાષ્ટ્રદ્રોહના કેસ નહીં કરીએ. સેના ઉપર સરકારી પરવાનગી વગર કાનુની કાર્યવાહી કરવામાં આવશે - શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**મતની લાલચમાં કોંગ્રેસ દેશને તોડવાની વાતો કરી રહ્યો છે. આતંકવાદને સમર્થન આપવાની વાતો કરી રહ્યો છે - શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

આજરોજ સુરત ખાતે ભાજપાના લોકસભાના મધ્યસ્થ કાર્યાલયના ઉદઘાટન પ્રસંગે મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે ગુજરાત પ્રદેશના મહામંત્રીશ્રીઓ, રાજ્યના મંત્રીશ્રીઓ, પૂર્વમંત્રીશ્રીઓ, સંસદસભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, જિલ્લા સંગઠનના પદાધિકારીશ્રીઓ, મેયરશ્રી, નગરશ્રેષ્ઠીઓ તથા વિશાળ સંખ્યામાં ભાજપાના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

મુખ્યમંત્રીશ્રી વિજભાઇ રૂપાણીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, આજનો દિવસ બહુ શુભ છે. હિન્દુ ધર્મના આદ્યશક્તિ માં જગદંબાની ઉપાસનાનું પર્વ ચૈત્રી નવરાત્રીનો આજથી શુભારંભ થયો છે, અને સાથે સાથે મહારાષ્ટ્રીયન ભાઇઓનો ગુડી પડવો અને સિંધી ભાઇઓનું ચેટીચાંદ પર્વ પણ છે. આ ત્રિવેણી પર્વની સાથે આજે ભાજપાનો સ્થાપના દિવસ છે. આપ સર્વેને આ નિમિત્તે હું શુભેચ્છા પાઠવું છું.

આપને જણાવવાનું કે, કોંગ્રેસના સ્વ. વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધીએ દેશમાં કટોકટી લાદી હતી, જેનાથી દેશમાંથી લોકશાહી ખતમ થઇ ગઇ હતી. વિરોધીઓને જેલમાં નાંખ્યા, મીડિયા પર સેન્સરશીપ લાદી દેવામાં આવી હતી. દેશ ખૂબ જ ખરાબ પરિસ્થિતિમાંથી પસાર થઇ રહ્યો હતો, ત્યારે સ્વ. ઈન્દિરા ગાંધીના વિરોધ સામે જનતા પાર્ટી અસ્તિત્વમાં આવી હતી.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



બધા પક્ષો એક થઇ ગયાં હતાં. અને આપણે પણ તેમાં જોડાઇ ગયા હતાં, ત્યારબાદ પુન: ઈન્દિરાજી શાસનમાં આવ્યાં અને જનતા પાર્ટી તૂટી ગઇ હતી. આપણે ભારતીય જનતા પાર્ટી પાર્ટી બનાવી એ સમયે આપણાં લોકલાડીલા નેતા સ્વ. અટલ બિહારી વાજપેયી એક વાત કહી હતી “સુરજ નિકલેગા અંધેરા છટેગા ઔર કમલ ખિલેગા”. સ્વ. શ્રી વાજપેયીની વાત સાચી પડી અને આજે દેશભરમાં સોળે કળાએ આ કમળ ખીલી રહ્યું છે.

આજે શ્રી નરેન્દ્રભાઇ મોદી જેવા નેતા આપણી પાસે છે, જેનું નેતૃત્વ સ્વિકારવા આખું વિશ્વ તૈયાર છે. મોદી સાહેબ મરદની સાથે પ્રમાણિક પણ છે. દેશની સેવા માટે ખૂબ જ પરિશ્રમ કરી રહ્યાં છે. તેઓની નીતિ અને નિયત સાફ છે. શ્રી નરેન્દ્રભાઇ મોદી કહે છે કે, “તેરા વૈભવ અમર રહે માં, હમ દિન ચાર રહે ના રહે”. દેશ માટે જીવવું છે, અને દેશ માટે જ મરવું છે. મારા માટે દેશહિત સર્વોપરી છે.

આ વખતની ચૂંટણી ઐતિહાસિક છે. આપણે નિર્ણય કરવાનો છે કે, દેશને કઇ દિશામાં લઇ જવાનો છે. એક તરફ દેશદાઝવાળા લોકો છે, તો બીજી તરફ દેશની સુરક્ષા અને સલામતીને ગીરવે મૂકનારા લોકો છે. કોંગ્રેસ કહે છે કે, જો અમે સત્તામાં આવીશું તો કાશ્મીરમાંથી ૩૭૦ની કલમ કાઢીશું નહીં. ત્રાસવાદીઓ સામે રાષ્ટ્રદ્રોહના કેસ નહીં કરીએ. સેના ઉપર સરકારી પરવાનગી વગર કાનુની કાર્યવાહી કરવામાં આવશે. મતની લાલચમાં કોંગ્રેસ દેશને તોડવાની વાતો કરી રહ્યો છે. આતંકવાદને સમર્થન આપવાની વાતો કરી રહ્યો છે. શ્રી નરેન્દ્રભાઇ મોદી ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીઓ બાદ સ્પષ્ટ બહુમતી સાથે સાથી પક્ષોના સમર્થનથી ફરીવાર વડાપ્રધાન બનશે તેમાં દેશવાસીઓએ કોઇ શંકા રાખવાની જરૂર નથી. વિપક્ષો જ્યાં એક બીજાનું મોઢું જોવા માટે પણ તૈયાર ન હતાં તેઓ કલકત્તામાં માત્રને માત્ર મોદી હટાવોના સુત્ર સાથે એક મંચ ઉપર આવી ગયાં છે, અને તેમાં પણ વારંવાર ખેંચતાણ થયાં કરે છે. કોંગ્રેસને સમર્થન કરતાં પક્ષો વારંવાર પોતાના પક્ષની વિવિધ માંગણીઓના સંતોષ માટે યેનકેન પ્રકારે કોંગ્રેસનું નાક દબાવે છે. કોંગ્રેસ પાસે પરિવારવાદ સિવાય બીજુ કશુ નથી.

આ વખતની ચૂંટણી રાષ્ટ્રવાદ સામે આતંકવાદની છે, વિકાસ સામે વિનાશની છે. આપણે સૌ આજના પવિત્ર દિવસે ભારત માતાની રક્ષા કાજે ગુજરાતમાંથી ભાજપાના ૨૬ કમળો ખીલવી ગુજરાતના સપૂતને મજબૂત કરવા કટીબધ્ધ બનીએ અને કેન્દ્રની સરકાર અને સંગઠનમાં જ્યારે બે રાષ્ટ્રભક્તો ગુજરાતના સપૂત હોય ત્યારે ગુજરાતની જનતાએ દેશનું સુકાન ફરીથી મજબૂતમાં હાથોમાં સોંપાય તે માટે સંકલ્પબધ્ધ થવાની જરૂર છે.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
## શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૫ તા. ૦૬.૦૪.૨૦૧૯

-----------

**ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ સુરેન્દ્રનગર લોકસભામાં પાટડી ખાતે ચૂંટણી મધ્યસ્થ કાર્યાલયનું ઉદ્દઘાટન કરી જનસભાને સંબોધન કર્યુ**

-----------

**શ્રી અટલજીએ કહ્યુ હતુ કે, “અંધેરા છટેગા, સુરજ નીકલેગા, કમલ ખીલેગા” અને આજે ભાજપા વિશ્વની સૌથી મોટી રાજનૈતિક પાર્ટી છે અને દેશમાં ભાજપાની સ્પષ્ટ બહુમતીવાળી સરકાર છે – શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**સુરેન્દ્રનગર જેવી સુકી ધરતીને લીલીછમ કરવાનો શ્રેય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના દુરંદેશી વિચારને જાય છે, દેશમાં ૫૫ વર્ષ સુધી રાજ કરનારી કોંગ્રેસ ગામડાઓમાં પીવાનું કે સીંચાઇનું પાણી ન પહોંચાડી શકી અને આજે મત માંગવા નીકળી છે. – શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**જેએનયુ ખાતે “ભારત તેરે ટુકડે હોંગે”, “તુમ કીતને અફઝલ મારોંગે, ઘર-ઘર સે અફઝલ નીકલેગા” જેવા દેશવિરોધી નારા થયા હતા ત્યારે કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી તેમના સમર્થનમાં ત્યાં ઉપસ્થિત રહ્યા હતા – શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**કન્હૈયાકુમાર જેવા દેશ વિરોધી તત્વોને છાવરવા માટે કોંગ્રેસ સત્તામાં આવીને દેશદ્રોહની કલમ નાબૂદ કરવાની વાત કરી રહી છે – શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**તમામ સુખ-સુવિધાઓ હોય પરંતુ સુરક્ષા-સલામતી જ ન હોય તો શું જીવી શકાય? – શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ પાટડી ખાતે લોકસભા ચૂંટણી અંતર્ગત મધ્યસ્થ કાર્યાલયનું ઉદ્દઘાટન કરી જનસભાને સંબોધન કર્યુ હતુ. તે પૂર્વે એક ભવ્ય રોડ-શોનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઇ વાઘાણીએ પાટડી ખાતે જનસભામાં ઉપસ્થિત સૌને ભાજપાના ૩૯માં સ્થાપના દિન નિમિત્તે શુભેચ્છાઓ પાઠવતાં જણાવ્યું હતું કે, જનસંઘના સ્થાપક ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી અને પંડિત દીનદયાળ ઉપાધ્યાયજી તથા સને ૧૯૮૦માં શ્રી અટલજી અને શ્રી અડવાણીજી સહિતના અનેક દેશપ્રેમી નેતાઓ દ્વારા ભાજપાની સ્થાપના થઇ હતી. જનસંઘના સંસ્થાપક શ્યામાપ્રસાદ મુખરજીએ કશ્મીરની સમસ્યાને કારણે સરકારમાંથી ખસી જવાનો નિર્ણય લીધો હતો અને જણાવ્યુ હતુ કે, “એક દેશ મેં દો વિધાન નહીં ચલેંગે” જે સિધ્ધ કરે છે કે ભાજપા માટે સત્તા નહી પરંતુ દેશહિત-દેશની એકતા અને અખંડિતતા મહત્વની છે.

જ્યારે ભાજપાની સ્થાપના થઇ ત્યારે દુરદુર સુધી ખબર નહોતી કે કોઇ સ્વીકારવા તૈયાર નહોતુ કે દેશમાં ભાજપાની સરકાર બનશે. શ્રી અટલજી અને શ્રી અડવાણીજી સહિત અનેક કાર્યકર્તાઓએ લોકો વચ્ચે જઇ સેવાની ભાવના સાથે ભારતના વૈભવી વારસાને જાળવવાની કટિબધ્ધતા સાથે, “ભારત પ્રથમ”ના સિધ્ધાંતને અનુસરીને ભાજપાના રાષ્ટ્રવાદી વિચારને જનજન સુધી પહોંચાડવાનું ભગીરથ કાર્ય કર્યુ છે. શ્રી અટલજીએ કહ્યુ હતુ કે, “અંધેરા છટેગા, સુરજ નીકલેગા, કમલ ખીલેગા” અને આજે ભાજપા વિશ્વની સૌથી મોટી રાજનૈતિક પાર્ટી છે અને દેશમાં ભાજપાની સ્પષ્ટ બહુમતીવાળી સરકાર છે.

શ્રી વાઘાણીએ જણાવ્યુ હતુ કે, કોંગ્રેસના શાસનમાં પાટડીમાં ન વીજળી હતી, ન રસ્તા હતા, ન આવાગમનની સુવિધા હતી, ન આરોગ્યની સુવિધા હતી, ન શિક્ષણની સુવિધા હતી કે ન તો પીવા માટે પાણી હતુ તેની સામે આજે ભાજપાના શાસનમાં આ તમામ સુવિધાઓ પાટડીની જનતા માટે ઉપલબ્ધ છે. ગરીબના સંતાનને પણ યોગ્ય શિક્ષણ મળે તેની ચિંતા ભાજપાએ કરી છે અને છેવાડાના ગામડાઓ સુધી શૈક્ષણિક માળખું ઉભું કર્યુ છે. દેશમાં ૫૫ વર્ષ સુધી રાજ કરનારી કોંગ્રેસ ગામડાઓમાં પીવાનું કે

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




સીંચાઇનું પાણી ન પહોંચાડી શકી અને આજે મત માંગવા નીકળી છે. સુરેન્દ્રનગર જેવી સુકી ધરતીને લીલીછમ કરવાનો શ્રેય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના દુરંદેશી વિચારને જાય છે.

શ્રી વાઘાણીએ જણાવ્યુ હતુ કે, જેએનયુ ખાતે "ભારત તેરે ટુકડે હોંગે", "તુમ કીતને અફઝલ મારોંગે, ઘર-ઘર સે અફઝલ નીકલેગા" જેવા દેશવિરોધી નારા થયા હતા ત્યારે કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી તેમના સમર્થનમાં ત્યાં ઉપસ્થિત રહ્યા હતા. કન્હૈયાકુમાર જેવા દેશ વિરોધી તત્વોને છાવરવા માટે કોંગ્રેસ સત્તામાં આવીને દેશદ્રોહની કલમ નાબૂદ કરવાની વાત કરી રહી છે. હંમેશા પાકિસ્તાનની ભાષા બોલતી, આતંકવાદીઓને છાવરતી અને સેનાનું મનોબળ તોડતી કોંગ્રેસના હાથમાં દેશ સોંપવો કે આતંકવાદનો જડમૂળથી સફાયો કરવા કટિબધ્ધ એવા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીનું સમર્થન કરવુ. તમામ સુખ-સુવિધાઓ હોય પરંતુ સુરક્ષા-સલામતી જ ન હોય તો શું જીવી શકાય? ત્યારે આજે દેશની જનતા આતંકવાદની કમર તોડનાર, ભારતની સુરક્ષા-સલામતી માટે કટિબધ્ધ માં ભારતીના પનોતાપુત્ર શ્રી નરેન્દ્રભાઇ મોદીને ફરી એકવાર દેશના પ્રધાનમંત્રી બનાવવાનું મન બનાવી ચૂકી છે.

શ્રી નરેન્દ્રભાઇ મોદી જેવા વીર પુરુષ ૧૫૦-૨૦૦ વર્ષે જન્મતા હોય છે અને આપણે તો ગૌરવ લેવો જોઇએ કે શ્રી નરેન્દ્રભાઇ મોદી તો ગુજરાતના છે. જેમની માતાએ આખું જીવન ૧૦X૧૦ ની ઓરડીમાં વિતાવ્યું હોય, જેમનો પરીવાર આજે એક સામાન્ય નાગરિકની જેમ જીવન ગુજારતો હોય એવા શ્રી નરેન્દ્રભાઇની પ્રમાણિકતા અને નિષ્ઠા ઉપર પ્રશ્ન ઉઠાવતી કોંગ્રેસને શરમ આવવી જોઇએ. શરમની વાત એ છે કે જેઓએ બાળપણથી જ ગરીબી જોઇ નથી મોટા રાજઘરાનામાં જન્મ લીધો છે તેવા લોકો આજે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી ઉપર પાયા વગરના જુઠ્ઠા આરોપો લગાવી રહ્યા છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની વિદેશનીતિના વખાણ કરતાં શ્રી વાઘાણીએ જણાવ્યુ હતુ કે, મોદીજી જાપાન, ચાઇના, ઇઝરાયેલ, રશીયા, અમેરિકા સહિતના અનેક દેશોમાં જઇને ભારતના હિતની વાત કરી છે તેમજ ભારતના સાંસ્કૃતિક વારસાને વિશ્વસ્તરે ઓળખ આપી છે. ભૂતકાળમાં જ્યારે દેશના પ્રધાનમંત્રીઓ વિદેશમાં જતા તો તેમની કોઇ નોંધ લેતું નહોતુ અને આજે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી વિદેશમાં વાયુસેનાના વિમાનમાંથી ઉતરે ત્યારે દેશની ૧૩૦ કરોડ જનતા જાણે સિંહ ઉતરી રહ્યો હોય તેવી અનુભૂતિ અને ગર્વ અનુભવે છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ દેશને વૈશ્વિક સ્તરે આગવી ઓળખ અપાવી છે.

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની રગેરગમાં દેશદાઝ છે. ૧૯૯૨માં જ્યારે આતંકવાદીઓએ કહ્યું હતુ કે, 'માનુ દૂધ પીધુ હોય તો કાશ્મીરમાં ભારતનો ધ્વજ ફરકાવી બતાવો' ત્યારે તંગદીલીભર્યા વાતાવરણમાં બોમ્બધડાકા થઇ રહ્યા હતા ત્યારે ચારે તરફ ભયનો માહોલ હતો ત્યારે ભારત માતાના લાલ એવા મોદીજીએ આતંકવાદીઓનો આ પડકાર ઝીલ્યો હતો અને નિર્ણય કર્યો હતો કે તેઓ ભારત માતા માટે ખપી જશે પણ ધ્વજ તો ફરકાવીને જ રહેશે. અને ત્યારબાદ તેઓએ કાશ્મીરમાં જઇ શ્રીનગરના લાલચોકમાં ત્રિરંગો ફરકાવ્યો હતો અને આતંકવાદીઓને સણસણતો જવાબ આપ્યો હતો.

શ્રી વાઘાણીએ ઉપસ્થિત સૌને આજથી શરૂ થનાર ચૈત્રી નવરાત્રીની શુભકામનાઓ આપી હતી અને અંતમાં જણાવ્યુ હતુ કે, સુરેન્દ્રનગર લોકસભા બેઠકના ભાજપાના ઉમેદવાર ડૉ. મહેન્દ્ર મુંજપરાને ભવ્ય વિજય અપાવવા માટે સમગ્ર વિસ્તારના કાર્યકર્તા અને નગરજનોને હાકલ કરી હતી.દૈદિપ્યમાન ભારતના નિર્માણ માટે ભારતને વિશ્વગુરુના સ્થાને પુનઃ બિરાજીત કરવા માટે ગુજરાતની જનતા તમામ ૨૬ લોકસભા બેઠકો પર ભાજપાને વિજયી બનાવશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૬ તા. ૦૬.૦૪.૨૦૧૯

**ભારતીય જનતા પાર્ટીમાં જ્યારે બે જ સભ્યો હતા,**
**ત્યારથી આજ સુધીમાં ભાજપાના અવિરત વિજયી અને સત્તાના શીખરે**
**બેસાડવામાં ગુજરાતનો સિંહફાળો છે – શ્રીમતી નિર્મલા સીતારામન**

-----------

**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની વિદેશ નીતિને કારણે પાકિસ્તાનને FATFમાં**
**બ્લેકલીસ્ટમાં મૂકવા માટે તૈયારીઓ થઇ રહી છે - શ્રીમતી નિર્મલા સીતારામન**

-----------

**શ્રી નરેન્દ્રભાઇ મોદીના વિદેશ પ્રવાસથી વિદેશોમાં દુરંદેશીના પ્રભાવથી અંજાઇને ભારતના મિત્રો વધ્યાં અને**
**સાથોસાથ ત્વરીત નિર્ણય શક્તિથી ભારતની શાખ વધી છે – શ્રીમતી નિર્મલા સીતારામન**

-----------

આજરોજ કર્ણાવતી મહાનગર ખાતે ભારત સરકારના રક્ષા મંત્રી શ્રીમતી નિર્મલા સીતારામને એક પ્રબુધ્ધ નાગરીક સંમેલનને સંબોધતા જણાવ્યું કે, આજરોજ ભાજપાના સ્થાપના દિન નિમિત્તે કર્ણાવતી મહાનગરના બુધ્ધિજીવીઓ જેવા કે, ડોક્ટર્સ, ચાર્ટડ એકાઉન્ટન્ટ્સ, વકીલો તેમજ અન્ય બિઝનેસમેનો મને વાર્તાલાપ કરવાનો એક અમૂલ્ય અવશર મળ્યો તેનો મને ગર્વ છે.

ભારતીય જનતા પાર્ટીમાં જ્યારે બે જ સભ્યો હતા, ત્યારથી આજ સુધીમાં ભાજપાના અવિરત વિજયી અને સત્તાના શીખરે બેસાડવામાં ગુજરાતનો સિંહફાળો છે. ભાજપાની કેન્દ્રમાં શ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકાર તેમના પાંચ વર્ષના શાસન દરમ્યાન દરરોજ એક નવો નિર્ણય લેતી હતી, અને આ નિર્ણયોથી દેશ એક નવી દિશામાં પગલું ભરતો હતો. ૨૦૧૪ પહેલાંની સરકાર અને વિરોધપક્ષો તેની સામે વર્તમાન સરકાર અને વિરોધપક્ષોની સરખામણી કરશો તો જાણવા મળશે કે, કોણે શું કાર્ય કર્યું છે?

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની વિદેશ નીતિને કારણે પાકિસ્તાનને FATFમાં બ્લેકલીસ્ટમાં મૂકવા માટે તૈયારીઓ થઇ રહી છે. શ્રી નરેન્દ્રભાઇ મોદીના વિદેશ પ્રવાસથી વિદેશોમાં દુરંદેશીના પ્રભાવથી અંજાઇને ભારતના મિત્રો વધ્યાં અને સાથોસાથ ત્વરીત નિર્ણય શક્તિથી ભારતની શાખ વધી છે. પરિણામ સ્વરૂપે વિદેશી મિત્રોએ ભારત દેશમાં મૂડી રોકાણ કરી, રોજગારીની અસંખ્ય તકો ઉપલબ્ધ કરી છે. પાકિસ્તાનને આતંકી દેશ તરીકે દુનિયા સમક્ષ ખુલ્લો પાડી યુ. એન. કાઉન્સિલમાં આતંકવાદ અને આતંકવાદના આકાઓને બ્લેક લીસ્ટ કરવાનો પ્રસ્તાવ સતત લાવતાં રહ્યાં છીએ. આ પ્રસ્તાવને યુ. એન. નાં સભ્યોમાં ફક્ત ચીન સિવાય તમામ દેશોએ સમર્થન આપ્યું છે.

કર્ણાવતી મહાનગરના બુધ્ધિજીવીઓ સાથે ચર્ચા કરતાં રક્ષામંત્રીશ્રીએ આનંદ વ્યક્ત કર્યો હતો. અને સાથોસાથ સૌ બુધ્ધિજીવીઓને આગામી ૨૦૧૯ની લોકસભાની સામાન્ય ચૂંટણીમાં પણ ભારતની વિદેશનીતિને મજબૂત બનાવવા અને આતંકવાદીઓનો દેશમાંથી ખાત્મો કરવામાં સફળતા મળી રહે તે માટે એક મજબૂત સરકારના નિર્માણ અર્થે સૌ બુધ્ધિજીવીઓને ગુજરાત અને ગુજરાત બહાર ભારતીય જનતા પાર્ટીને મદદરૂપ થવા હાકલ કરી હતી.

આજના ગાંધીનગર લોકસભા ખાતેના આ પ્રબુધ્ધ નાગરિક સંમેલનમાં ઘાટલોડીયાના ધારાસભ્યશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, અમદાવાદના મેયર શ્રીમતી બિજલબેન પટેલ, ભાજપા મહિલા મોરચાના પ્રદેશ અધ્યક્ષા શ્રીમતી જ્યોતિબેન પંડ્યા, યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષ શ્રી ઋત્વિજભાઇ પટેલ સહિત અગ્રણીઓ તથા હજારોની સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતાં.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ